આંક–૫ ની અરજી નીચે હુકમ

રેગ્યુલર દીવાની મુકદમાં નંબર–૯/૨૦૨૪

૧) કેસનુ રેકર્ડ વંચાણે લીધુ. આ દાવો વાદીઓ (૧) ખોડાભાઇ રણછોડભાઇ પટેલ રહે: – ખાનપુર, તાલુકો: – દહેગામ, જીલ્લો:– ગાંધીનગર અને (૨) ધાર્મિક ગીરીશભાઇ પટેલ રહે: – ટેબલા ફળી, પાલૈયા, તાલુકો:– દહેગામ, જીલ્લો:– ગાંધીનગરના ઓ એ પ્રતિવાદી (૧) મગનભાઇ દેવકરણભાઇ રબારી રહે:– દોલપુર, તાલુકો:– ધનસુરા, જીલ્લો અરવલ્લી વિરુદ્ધ કર્યો છે.

આ દાવો કરારના વિશિષ્ટ પાલન માટેનો દાવો છે. દાવા અરજી મુજબ વાદીઓ ખેડુત ખાતેદાર છે. દાવા અરજી મુજબ અરવલ્લી જીલ્લાના, ધનસુરા તાલુકાના મોજે ગામ કંજોડીયાની સીમના ખાતા નંબર ૧૩૧ બ્લોક સર્વે નંબર ૨૭ (જુના બ્લોક/સર્વે નંબર ૨૫) ની કુલ હે.આરે. ચો.મી ૧૮–૬૪–૨૪ પૈકી હે–આરે–ચો.મી ૨–૩૪–૦૯ જુની શરતની જમીન કે જેના ચતુર્દિશા નીચે મુજબ ની છે તે જમીન વાદીના બાનાખતના હક હિત હિસ્સાવાળી છે.

ઉત્તરે	: – સર્વે નંબર ૨૩ ની જમીન
પૂર્વે	: – સોનાભાઇ તીતાભાઇ ખાંટની જમીન
દક્ષિણે	: – રમેશભાઇ અને જગજીવનભાઇ ના હિસ્સાની જમીન
પશ્ચિમે	: – કંજોડીયા થી દોલપુર જતો રોડ

ઉપરોક્ત જમીનનો ઉલ્લેખ હવે પછીની ચર્ચામાં **વાદગ્રસ્ત જમીન** તરીકે કર્યો છે. દાવાઅરજી મુજબ પ્રતિવાદીએ વાદીને મળીને એવુ જણાવ્યુ હતુ કે તેઓ, વાદગ્રસ્ત જમીન ના વારસાઇ થી સ્વતંત્ર માલિક અને કબ્જેદાર છે તેવુ જણાવી તે વાદગ્રસ્ત જમીન વાદીઓને વેચાણ આપવાનુ નક્કી કર્યુ હતુ. દાવાઅરજી મુજબ વાદગ્રસ્ત જમીનની કુલ ઉચ્ચક વેચાણ કિંમત રૂપિયા ૧૫,૦૦,૦૦૦/– નક્કી કરી બાનાના અવેજ પેટે રૂપિયા ૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) ચેક થી પ્રતિવાદીને ચુકવી આપ્યા હતા. પ્રતિવાદીએ તે રકમ સ્વીકારી તારીખ ૩૧/૦૭/૨૦૨૩ ના રોજ કબજા વગરનો રજીસ્ટર બાનાખત કરી આપ્યો હતો. તે બાનાખત સબ–રજીસ્ટારશ્રી ની ધનસુરા ની કચેરીમાં રજીસ્ટર નંબર ૧૨૫૭/૨૦૨૩ થી નોંધવામાં આવ્યો છે. દાવાઅરજી મુજબ તેમા પ્રતિવાદીએ, વાદીઓ રૂબરૂ સહી અને અંગુઠો કર્યો છે. આમ વાદીઓ તે રજીસ્ટર બાનાખતના આધારે વાદગ્રસ્ત જમીન વેચાણ લેવા કાયદાથી હકદાર બન્યા છે. દાવાઅરજી મુજબ વાદગ્રસ્ત જમીનમાં વાદીઓનો કાયદેસરનો હક, હિત અને હિસ્સો છે. તે બાનાખતની શરતો અનુસાર જીવંત અને જારી છે. વાદીઓ જણાવે છે કે તેઓ બાનાખતની શરતો મુજબ વેચાણ અવેજની બાકી રહેતી રકમ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ લાખ પુરા) પ્રતિવાદીને ચુકવી આપી દસ્તાવેજ કરાવી લેવા હરહંમેશ તૈયાર અને ખુશી હતા તેમજ છે. વાદીઓ આર્થિક રીતે સદ્ધર છે અને તેથી જ વાદગ્રસ્ત જમીન પ્રતિવાદી પાસેથી વેચાણ લેવાનુ નક્કી કર્યુ હતુ.

દાવાઅરજી મુજબ વાદીઓએ, પ્રતિવાદી સાથે તારીખ ૩૧/૦૭/૨૦૨૩ ના રોજ કબજા વગરનો રજીસ્ટર્ડ વેચાણ કરાર કર્યો હતો. તેની શરતો મુજબ વાદગ્રસ્ત જમીનના ટાઇટલ ક્લીયર સર્ટીફીકેટ લાવી વાદગ્રસ્ત જમીનને બોજામુકત કરી આપવાની અને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપવાની જવાબદારી પ્રતિવાદીની છે. વાદીઓએ, પ્રતિવાદીને અવારનવાર પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે વાદગ્રસ્ત જમીનને બોજામુકત કરી, બાકી રહેતો અવેજ સ્વીકારી, વાદગ્રસ્ત જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપવા કહ્યુ હતુ. પ્રતિવાદીએ, વાદીઓની રજુઆત ધ્યાને ન લઇ

ખોટા બહાના કરી, ખોટા વાયદા કરે છે. પ્રતિવાદીએ ઉદ્ધત અને ઉડાઉ જવાબ આપતા હોવાથી વાદીઓએ તેમના વિદ્ધાન વકીલશ્રી મારફતે પ્રતિવાદીને બાનાખતનો અમલ કરાવવા માટે ની નોટીસ આપી હતી. તે નોટીસ બજાવવા જતા "રીફ્યુઝડ રીટર્ન ટુ સેન્ડર"ના શેરા સાથે તારીખ ૦૬/૦૩/૨૦૨૪ ના રોજ પરત આવી છે. આમ પ્રતિવાદીએ નોટીસ સ્વીકારવાની ના પાડી છે. દાવાઅરજી મુજબ વાદીઓએ, પ્રતિવાદીનો રૂબરૂ સંપર્ક કરી તે બાબતે પૃચ્છા કરતા પ્રતિવાદીએ, વાદીને જણાવેલ કે તેઓ વાદીઓને જમીન વેચાણ આપવા માંગતા નથી. તેમણે જમીન અન્ય વ્યકતિને ઉંચી કિંમતે વેચાણ આપવાની છે. વાદીઓએ વાદગ્રસ્ત જમીનના અવેજ પેટે ચુકવેલ હોવાનુ જણાવતા પ્રતિવાદીએ જમીનના ભાવ ખુબ વધી ગયા હોવાથી તફાવતની રકમ પ્રતિવાદી કહે તે મુજબ્ની ચુકવે તો જ પ્રતિવાદી સહકાર આપશે અન્યથા જમીન બીજી વ્યકતિને વધુ અવેજ મેળવી વેચી દેશે તેવુ જણાવ્યુ હતુ.

ઉપરોક્ત વિગતે વાદીઓ અને પ્રતિવાદી વચ્ચે વાદગ્રસ્ત જમીનના રજીસ્ટર્ડ બાનાખતનો અમલ કરાવી કરારનુ વિશિષ્ટ પાલન કરાવવાની તેમજ પ્રતિવાદી વાદગ્રસ્ત જમીન અન્ય કોઇ વ્યકતિ, ઇસમ કે સંસ્થાને કોઇપણ રીતે, કોઇપણ પ્રકારે કે સ્વરૂપે ટ્રાન્સફર કરે કરાવે નહી કે વાદગ્રસ્ત જમીન સંબંધે કોઇપણ જાતના વેચાણના લેખો કરે કરાવે નહી તે સારુ કાયમી તાકીદ મેળવવા હાલનો દાવો કર્યો છે.

દાદ: –

આ દાવો કરીને વાદીઓએ નીચે મુજબની દાદ માંગી છે.

- વાદગ્રસ્ત જમીન સંબંધે ગત તારીખ ૩૧/૦૭/૨૦૨૩ ના રોજ કબ્જા વગરનો રજીસ્ટર્ડ બાનાખત કે જે સબરજીસ્ટારશ્રી,ધનસુરા ની કચેરીના રજીસ્ટર્ડ બાનાખત નંબર–

૧૨૫૭/૨૦૨૩ થી નોંધાયો છે તે બાનાખતની શરતોનુ પાલન કરી, ટાઇટલ ક્લીયર સર્ટીફીકટ લાવી આપી, બોજામુકત કરી, બાકીની અવેજની રકમ સ્વીકારી વાદગ્રસ્ત જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપે તેવો હુક્મ કરવા મહેરબાની કરશો.

– જો પ્રતિવાદી વાદગ્રસ્ત જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આપવાની આનાકાની કરે તો નામદાર કોર્ટ મારફતે કોર્ટ કમિશ્નરની નિમણુક કરી વાદગ્રસ્ત જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી આપવા હુક્મ કરવા મહેરબાની કરશો.

– પ્રતિવાદી વાદગ્રસ્ત જમીન અન્ય કોઇ વ્યકતિ, ઇસમ કે સંસ્થાને કોઇપણ રીતે, પ્રકારે કે સ્વરૂપે ટ્રાન્સફર કરે કરાવે નહી કે દાવાવાળી જમીન સંબંધે કોઇપણ જાતના અન્ય વેચાણ લગતા લેખો કરે–કરાવે નહી કે વાદગ્રસ્ત જમીન અંગે કોઇપણ જાતનો બોજો ઉતપન્ન કરે નહી તે સારુ કાયમી તાકીદ પ્રતિવાદી વિરુદ્ધ ફરમાવશો જી.

– નામદાર અદાલતને યોગ્ય લાગે તેવી ન્યાયની હરેક દાદ વાદીઓની તરફેણમાં અપાવશો જી.

– દાવાનુ તમામ ખર્ચ પ્રતિવાદી તેમજ તેમની જાત મિલકતમાંથી વસુલ અપાવશોજી.

વાદીઓએ આ દાવાઅરજી ની સાથે આંક–૫ થી આ દાવાનો આખરી નિકાલ ન થાય ત્યા સુધી વચગાળાનો મનાઇહુક્મ ફરમાવવા વિનંતિ કરી છે. તે અરજીમા પણ વાદીઓએ દાવાઅરજીમાં જણાવેલી હકીકત જ જણાવી છે તેથી તેનુ પુનરાવર્તન કર્યુ નથી. વધુમાં તે અરજી કરીને વાદીઓએ એવી રજુઆત કરી છે કે તેમનો પ્રથમદર્શનીય કેસ છે. સગવડની સમતુલા

વાદીઓની તરફેણમાં છે. જો પ્રતિવાદી વિરુદ્ધ વચગાળાનો મનાઇહુકમ ફરમાવવામાં ન આવે તો વાદીઓને નુકશાન થાય છે. જો આવો મનાઇહુકમ ફરમાવવામાં આવે તો તેનાથી પ્રતિવાદીને કોઇ નુકશાન થાય તેમ નથી. આમ વાદીઓએ દાવાના આખરી નિકાલ સુધી વચગાળાનો મનાઇહુકમ ફરમાવવા વિનંતિ કરી છે.

૨) પ્રતિવાદીની રજુઆત: –

દાવાઅરજી અને આંક–૫ થી રજુ વચગાળાનો મનાઇહુકમ ફરમાવવાની દાદ માંગતી અરજી સંદર્ભે પ્રતિવાદીને દાવાનો સમન્સ અને વચગાળાના મનાઇહુકમની દાદ માંગતી અરજી સંદર્ભેની નોટીસ કરી હતી. તે સમન્સ/નોટીસ પ્રતિવાદીને તારીખ ૦૪/૦૫/૨૦૨૪ ના રોજ બજી ગઇ છે. દાવા અને આંક–૫ વાળી વચગાળાનો મનાઇહુકમ ફરમાવવાની દાદ માંગતી અરજી સંદર્ભે રજુઆત કરવા માટે પ્રતિવાદી જાતે કે કોઇ વકીલશ્રી મારફતે હાજર થયા નથી. જેથી વાદી તરફે વિદ્વાન વકીલશ્રી હાલનો દાવો એકતરફી ચલાવવા માટેની અરજી આપી હતી. તે અરજી સંદર્ભે અદાલતે વિગતવારનો હુકમ કરીને દાવાઅરજી તેમજ આંક–૫ વાળી વચગાળાનો મનાઇહુકમ ફરમાવવાની દાદ માંગતી અરજી સંદર્ભે જવાબ રજુ કરવાનો પ્રતિવાદીનો હક બંધ કરવાનો હુકમ કર્યો છે.

૩) વાદીઓએ રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ: –

નિશાની	દસ્તાવેજનુ વર્ણન
૩/૧	વાદગ્રસ્ત જમીનનો ગામ નમુના નંબર ૭/૧૨ નો ઉતારો

૩/૨	વાદગ્રસ્ત જમીનનો ગામ નમુના નંબર ૮–અ નો ઉતારો
૩/૩	વાદગ્રસ્ત જમીનનો રજીસ્ટર્ડ બાનાખત
૩/૪	પ્રતિવાદીને આપેલી નોટીસ
૩/૫	નોટીસ આર.પી.એ.ડી કર્યા અંગેની પાવતી
૩/૬	પોસ્ટનો ટ્રેકિંગ રિપોર્ટ
૩/૭	નોટીસ પરત આવ્યાનુ કવર

આ કામે વાદીની દાવાઅરજી, વચગાળાનો મનાઇહુકમ ફરમાવવાની દાદ માંગતી આંક–૫ વાળી અરજી, દાવાઅરજી સાથે રજુ થયેલા દસ્તાવેજો પરથી નીચે મુજબના મુદ્દાઓ આ અદાલતના ન્યાયનિર્ણય માટે ઉપસ્થિત થયા છે.

૪) મુદ્દાઓ

1. શું વાદીઓનો પ્રથમદર્શનીય કેસ છે?

2. શું સગવડની સમતુલા વાદીઓની તરફેણમાં છે?

3. શું મનાઇહુકમ ન આપવાથી વાદીઓને નાણામા ભરપાઇ ન થઇ શકે તેવુ નુકશાન થાય તેમ છે?

4. શું હુકમ છે?

૫) **નિર્ણય**

1. હકારમાં

2. હકારમાં

3. હકારમાં

4. આખરી હુકમ મુજબ

૬) **નિર્ણયના કારણો**

આ કામે ઉપરોકત ત્રણેય મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોવાથી એક ની એક હકીકતનુ પુનરાવર્તન ટાળવા તે તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરી છે. દાવા અરજી મુજબ અરવલ્લી જીલ્લાના, ધનસુરા તાલુકાના મોજે ગામ કંજોડીયાની સીમના ખાતા નંબર ૧૩૧ બ્લોક સર્વે નંબર ૨૭ (જુના બ્લોક/સર્વે નંબર ૨૫) ની કુલ હે.આરે. ચો.મી ૧૮–૬૪–૨૪ વાળી જમીન છે તે

જમીન પૈકી હે–આરે–ચો.મી ૨–૩૪–૦૯ જુની શરતની જમીન કે જેની ચર્તુદિશા દાવાઅરજીમાં જણાવી છે તે પ્રતિવાદીની છે. આ હકીકતના આધાર તરીકે વાદીઓ એ નિશાની ૩/૧ થી અરવલ્લી જીલ્લાના, ધનસુરા તાલુકાના મોજે ગામ કંજોડીયાની સીમના ખાતા નંબર ૧૩૧ બ્લોક સર્વે નંબર ૨૭ ના ગામ નમુના નંબર–૭/૧૨ ની નકલ અને નિશાની ૩/૨ થી ગામ નમુના નંબર ૮–અ ની નકલ રજુ કરી છે. નિશાની ૩/૧ અને નિશાની ૩/૨ થી રજુ દસ્તાવેજ વંચાણે લેતા તેમા ઉપરોક્ત કંજોડીયા ગામની જમીન સર્વે નંબર–૨૭ પૈકીની હે–આરે–ચો.મી ૨–૩૪–૦૯ ક્ષેત્રફળ ધરાવતી જમીન પ્રતિવાદીની હોવાનુ જણાય છે. પ્રતિવાદીએ તે જમીન પોતાની ન હોવાની રજુઆત કરી નથી.

દાવાઅરજી મુજબ પ્રતિવાદીએ વાદગ્રસ્ત જમીન વાદીઓને વેચાણ આપવાનુ નક્કી કર્યુ હતુ. દાવાઅરજી મુજબ વાદગ્રસ્ત જમીન ની કુલ ઉચ્ચક વેચાણ કિંમત રૂપિયા ૧૫,૦૦,૦૦૦/– નક્કી કરી બાના ના અવેજ પેટે રૂપિયા ૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) ચેક થી પ્રતિવાદીને ચુકવી આપ્યા હતા. પ્રતિવાદીએ તે રકમ સ્વીકારી તારીખ ૩૧/૦૭/૨૦૨૩ ના રોજ કબજા વગરનો રજીસ્ટર બાનાખત કરી આપ્યો હતો. તે બાનાખત સબ–રજીસ્ટારશ્રી ધનસુરા ની કચેરીમાં રજીસ્ટર નંબર ૧૨૫૭/૨૦૨૩ થી નોંધવામાં આવ્યો છે. દાવાઅરજી મુજબ તેમા પ્રતિવાદીએ, વાદીઓ રૂબરૂ સહી અને અંગુઠો કર્યો છે. વાદીઓએ પોતાની આ રજુઆતના સમર્થનમાં નિશાની ૩/૩ થી રજીસ્ટર્ડ બાનાખતની નકલ રજુ કરી છે. તે બાનાખત જોતા તે સબ–રજીસ્ટારશ્રી,ધનસુરા ની કચેરીમાં તેની નોંધાણી થઇ છે. તે બાનાખતમા જણાવેલી જમીન અરવલ્લી જીલ્લાના, ધનસુરા તાલુકાના મોજે ગામ કંજોડીયાની સીમના ખાતા નંબર–૧૩૧ બ્લોક સર્વે નંબર ૨૭ (જુના બ્લોક/સર્વે નંબર ૨૫) ની કુલ હે.આરે. ચો.મી ૧૮–૬૪–૨૪ વાળી જમીન પૈકીની હે–આરે–ચો.મી ૨–૩૪–૦૯ જુની શરતની જમીન હોવાનુ લખ્યુ છે. વધુમા દાવાઅરજી મુજબ આ રજીસ્ટર્ડ બાનાખતમાં વાદીઓ અને પ્રતિવાદીની સહી છે. આ રજીસ્ટર્ડ બાનાખતમાં વેચાણના અવેજ પેટે રૂપિયા ૫,૦૦,૦૦૦/– ચેકથી ચુકવી આપ્યા હોવાની હકીકત

પણ જણાવી છે. પ્રતિવાદીએ આ રજીસ્ટર્ડ બાનાખતમાં પોતાની સહી નથી કે તેમને રજીસ્ટર્ડ બાનાખતમાં જણાવ્યા મુજબના નાણા મળ્યા નથી તે મતલબનો ઈન્કાર કર્યો નથી. આમ વાદીઓ અને પ્રતિવાદી વચ્ચે વાદગ્રસ્ત જમીનના વેચાણનો રજીસ્ટર્ડ બાનાખત થયો હોવાનુ જણાય છે. દાવાઅરજી મુજબ વાદીઓએ તે રજીસ્ટર્ડ બાનાખતનુ પાલન કરવા પ્રતિવાદીને નોટીસ આપી હતી પરંતુ પ્રતિવાદીએ તે નોટીસ લેવાનો ઈન્કાર કર્યો હોવાથી રીફ્યુડ રીટર્ન ટુ સેન્ડરના શેરા સાથે પરત આવી હતી. વાદીઓએ આ હકીકતના સમર્થનમાં નિશાની ૩/૪ થી પ્રતિવાદીને આપેલી નોટીસની ઓફીસ કોપી રજુ કરી છે. નિશાની ૩/૪ થી રજુ નોટીસ વંચાણે લેતા વાદગ્રસ્ત જમીનને બોજામુકત કરી, ટાઇટલ ક્લીયર સર્ટીફીકેટ લાવી આપી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપવાની તાકીદ વાદીઓએ કરી છે. આ કામે નિશાની ૩/૫ થી પ્રતિવાદીને નોટીસ મોકલ્યા અંગેની કુલ બે પોસ્ટલ સ્લીપ છે. તેના પરનો કન્સાઇન્મેન્ટ નંબર જોતા " RG149891711IN" હોવાનુ લખ્યુ છે. વાદીઓની રજુઆત મુજબ પ્રતિવાદીએ નોટીસ લેવાનો ઈન્કાર કર્યો હતો. આ હકીકતના આધાર તરીકે વાદીઓએ નિશાની ૩/૬ થી પોસ્ટની વેબસાઇટનો ટ્રેકિંગ રિપોર્ટ રજુ કર્યો છે. તે ટ્રેકિંગ રિપોર્ટ વંચાણે લેતા પ્રતિવાદીએ તારીખ ૦૬/૦૩/૨૦૨૪ ના રોજ ઉપરોક્ત કન્સાન્મેન્ટ વાળી નોટીસ લેવાનો ઈન્કાર કર્યો હોવાનુ જણાય છે. વાદીઓએ નિશાની ૩/૭ થી તે કવરની ઝેરોક્ષ નકલ રજુ કરી છે તેમા પણ "રીફ્યુઝડ રીટર્ન ટુ સેન્ડર" શેરો છે. આમ પ્રતિવાદીએ, વાદીઓની નોટીસ લેવાનો ઈન્કાર કર્યો હોવાનુ જણાય છે. વાદીઓએ આવી નોટીસ મોકલી નથી તે મતલબનો ઈન્કાર પ્રતિવાદીએ કર્યો નથી. આમ વાદીઓ અને પ્રતિવાદી વચ્ચે વાદગ્રસ્ત જમીનના વેચાણનો રજીસ્ટર્ડ બાનાખત થયો હોવાનુ, તે બાનાખત મુજબ કુલ વેચાણ કિંમત પૈકી રૂપિયા ૫,૦૦,૦૦૦/– પ્રતિવાદીને ચુકવ્યા હોવાનુ પ્રથમદર્શનીય રીતે જણાય છે. પ્રતિવાદીએ બાકીની રકમ સ્વીકારવાની, વાદગ્રસ્ત જમીન પરનો બોજો દુર કરવાની અને ટાઇટલ કલીયર કરવા કોઈ પ્રયત્ન કર્યો હોવાનુ પ્રથમદર્શનીય રીતે જણાતુ નથી. આમ વાદીઓનો પ્રથમદર્શનીય કેસ હોવાનુ જણાય છે.

આ કામે વાદગ્રસ્ત જમીન પ્રતિવાદીના કબ્જામાં છે. તેથી આ દાવાનો આખરી નિકાલ ન આવે ત્યા સુધી વચગાળાનો મનાઇહુકમ આપવામાં આવે તો પ્રતિવાદીને નાણામાં ન ચુકવી શકાય તેવુ નુકશાન થાય તેમ નથી. પ્રતિવાદી અદાલત સમક્ષ હાજર થયા નથી. તેમણે નાણામાં ન ચુકવી શકાય તેવુ નુકશાન થાય તેમ હોવા અંગેની કોઇ હકીકત જણાવી નથી. આ કામે જો મનાઇહુકમ ફરમાવવામાં ન આવે અને વાદગ્રસ્ત જમીન અન્ય વેચાણ કરવામાં આવે તો વાદગ્રસ્ત જમીન ખરીદવાના વાદીઓના હક પર તરાપ પડે તેમ છે. વધુમા આવી જમીન વેચાણ થયા બાદ વાદીઓએ ચુકવેલી રકમ પરત મેળવવામા મુશ્કેલી ઉભી થઇ શકે તેમ છે તેથી વાદીઓને નુક્શાન થાય તેમ હોવાનુ પણ પ્રથમદર્શનીય રીતે ફલિત થાય છે. વધુમા આ દાવાના આખરી નિકાલ સુધી વચગાળાનો મનાઇહુકમ ફરમાવવામાં આવે તો સગવડની સમતુલા વાદીઓની તરફેણમા રહે છે. પ્રતિવાદીએ અદાલત સમક્ષ હાજર થઇને કોઇ બચાવ લીધો ન હોવાથી વચગાળાનો મનાઇહુકમ આપવાથી પ્રતિવાદીને કોઇ અગવડ ઉભી થાય તેમ હોવાનુ માનવાને કોઇ કારણ નથી.

આમ વાદીઓનો પ્રથમદર્શનીય કેસ હોવાથી, સગવડની સમતુલા વાદીની તરફેણમાં હોવાથી, મનાઇહુક્મ આપવામા ન આવે તો વાદીને નુકશાન થાય તેમ હોવાનુ પ્રથમદર્શનીય રીતે જણાય છે. પરંતુ મનાઇહુકમ આપવાથી પ્રતિવાદીને અગવડ ઉભી થાય તેમ નથી કે પ્રતિવાદીને નાણામા ભરપાઇ ન કરી શકાય તેવુ નુકશાન થાય તેમ નથી. આથી આ સંજોગોમા મુદ્દા નંબર–(૪.૧) થી (૪.૩) નો જવાબ હકારમાં આપીને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

૭) **હુકમ**

– હાલની વચગાળાનો મનાઇહુકમ ફરમાવતી હાલની અરજી **મંજુર** કરવામાં આવે છે.

– આ કામે પ્રતિવાદીને એવો હુક્મ કરવામાં આવે છે તેમણે અરવલ્લી જીલ્લાના, ધનસુરા

તાલુકાના મોજે ગામ કંજોડીયાની સીમના ખાતા નંબર ૧૩૧ બ્લોક સર્વે નંબર ૨૭ (જુના બ્લોક/સર્વે નંબર ૨૫) ની કુલ હે.આરે. ચો.મી ૧૮–૬૪–૨૪ પૈકીની પોતાના કબ્જા ભોગવટા અને હક હિત હિસ્સાની હિત વાળી હે–આરે–ચો.મી ૨–૩૪–૦૯ જુની શરતની જમીન આ દાવાના આખરી નિકાલ સુધી અન્ય કોઇ વ્યકતિ, ઇસમ કે સંસ્થાને કોઈપણ રીતે, પ્રકારે કે સ્વરૂપે ટ્રાન્સફર કરવી કે કરાવવી નહી કે દાવાવાળી જમીન સંબંધે કોઈપણ જાતના અન્ય વેચાણ લગતા લેખો કરવા–કરાવવા નહી.

– પ્રતિવાદીએ આ હુકમ તારીખ પછી વાદગ્રસ્ત જમીન પર કોઈપણ જાતનો બોજો ઉતપન્ન કરવો કે કરાવવો નહી.

– આ હુકમ આજરોજ તારીખ ૩૧/૦૭/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

– રજીસ્ટ્રેશન (ગુજરાત એમેન્ડમેન્ટ) એકટ–૨૦૨૦ ની કલમ–૮૯એ મુજબ આ હુકમની નકલ સાથે તેની જાણ સબ–રજીસ્ટારશ્રી, ધનસુરા ને કરવી.

– આ હુકમની જાણ કરતી યાદી નાઝર કમ રજીસ્ટારશ્રી, પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ ધનસુરા એ કરવી અને તે યાદીની બજવણી અદાલતના બેલીફ મારફતે કરી આ હુકમની જાણ સબરજીસ્ટારશ્રી, ધનસુરા ને થયા અંગેની પહોચ મેળવી તેની એક નકલ આ દાવાના કામે સામેલ રાખવી.

– આ હુકમમા પ્રતિવાદીએ આ હુકમ તારીખ પછી વાદગ્રસ્ત જમીન પર કોઇ બોજો ઉતપન્ન

કરવો કરાવવો નહી તેવુ ફરમાવ્યુ હોવાથી હુકમ તારીખ પછી તેના પર કોઇ બોજો ઉતપન્ન ન થઇ શકે તે માટે આ હુકમની એક નકલ સાથેની યાદી મામલતદારશ્રી, ધનસુરાને કરવી અને તે યાદીની બજવણી અદાલતના બેલીફ મારફતે કરી આ હુકમની જાણ મામલતદારશ્રી, ધનસુરા ને થયા અંગેની પહોચ મેળવી તેની એક નકલ આ દાવાના કામે સામેલ રાખવી.

તારીખ–૩૧/૦૭/૨૦૨૪

સ્થળ– ધનસુરા

(એચ જે ઝાલા)
પ્રિન્સીપાલ સિવિલ જજ
ધનસુરા
જજ કોડ– જીજે–૦૧૩૬૯